CHIPS
Express
પરદેશ પાર્સલ સેવા
www.chipsairexp.com
chipsgnd@gmail.com
અટરીયા-ધ બિઝનેસ હબ, શોપ નં. B-32, 'KH-0', સરગાસણ ૪ રસ્તા, ગાંધીનગર. M. 9227706105

પાટનગરનું પોતાનું અખબાર
# ગાંધીનગર સમાચાર
Gandhinagar વર્ષ : (૩૪) અંક નં. ૨૬૭ | ૯ ડિસેમ્બર, ૨૦૧૯, સોમવાર; માગસર સુદ - ૧૨ | પાનાં - ૮ કિંમત રૂ. ૨.૦૦

# દિલ્હીના અનાજ બજારમાં ભીષણ આગ

**ભીષણ આગમાં ૪૪ ભડથુ થયા : ચાર માળની ઈમારતમાં ગેરકાયદે ફેક્ટરીઓ ચાલી રહી હતી : આગ લાગી ત્યારે ઈમારતમાં સેંકડો લોકો હતા : દાઝી ગયેલામાં હજુ ઘણા ગંભીર : દિલ્હીમાં ઉપહાર સિનેમા અગ્નિકાંડ બાદની સૌથી વિનાશક આગ**

નવી દિલ્હી,તા.૮

રાષ્ટ્રીય પાટનગર દિલ્હીમાં અનાજ મંડી વિસ્તારમાં આવેલી એક ચાર માળની ઈમારતમાં ભીષણ આગ ફાટી નીકળતા ઓછામાં ઓછા ૪૪ લોકોના મોત થઈ ગયા છે. મોટાભાગના લોકોના મોત ઈમારતમાં ચાલી રહેલા ગેરકાયદે મેન્યુફેચરીંગ યુનિટોમાં જીવલેણ કાર્બન મોનોકસાઈડ ભરાઈ જવાના કારણે ગુંગળામણથી મોત થયા હતા. અનાજ મંડી વિસ્તારમાં જે ચાર માળની ઈમારત આવેલી છે તેમાં અનેક નાના મોટા ગેરકાયદે યુનિટો ચાલી રહ્યા હતા. જેમાં આ





તમામ લોકો કામ કરી રહ્યા હતા. આગની ઘટનામાં મોટી સંખ્યામાં લોકો દાઝી પણ ગયા છે જેમને નજીકની હોસ્પિટલમાં તરત જ ખસેડવામાં આવ્યા હતા. આ અગ્નિકાંડની ઘટનાથી દિલ્હીમાં ૧૩મી જુન ૧૯૯૭ના દિવસે બનેલી અગ્નિકાંડની ઘટનાની કમકમાટીભરી યાદો તાજી થઈ હતી. છેલ્લા કેટલાક વર્ષોની આ સૌથી ભીષણ અગ્નિકાંડની ઘટના હોવાનો દાવો પણ તંત્ર દ્વારા કરવામાં આવ્યો છે. ૧૩મી જુન ૧૯૯૭ના દિવસે દિલ્હીના ઉપહાર સિનેમામાં આગ ફાટી

● અનુસંધાન પાના - ૭ પર

## દિલ્હી અને બિહાર સરકાર દ્વારા વિશેષ સહાયની જાહેરાત

**દિલ્હી સરકાર દ્વારા ૧૦-૧૦ લાખની સહાયતા : વડાપ્રધાન મોદી દ્વારા રાહત ફંડમાંથી બે-બે લાખની અને બિહાર સરકાર દ્વારા બે-બે લાખની સહાયતા જાહેર કરાઈ**

નવી દિલ્હી,તા.૮

દિલ્હી અનાજ મંડી વિસ્તારમાં આજે સવારે લાગેલી ભીષણ આગમાં ૪૪ લોકોના મોત થયા બાદ મુખ્યમંત્રી અરવિન્દ કેજરીવાલ દ્વારા આગની ઘટનામાં તપાસના તરત જ આદેશ જારી કર્યા હતા. તેમણે કહ્યું હતું કે, અગ્નિકાંડની આ ઘટનામાં દોષિત રહેલા લોકોની સામે કઠોર કાર્યવાહી કરવામાં આવશે. દિલ્હી સરકારે મૃતકોના પરિવાર માટે ૧૦-૧૦ લાખ રૂપિયા આપવાની તથા ઘાયલ થયેલા માટે ૧-૧ લાખ રૂપિયાના વળતરની જાહેરાત કરી હતી. બીજી

● અનુસંધાન પાના - ૭ પર

## જાનના જોખમે રાજેશે ૧૧ને બચાવ્યા

**ભીષણ આગ વચ્ચે ઈમારતમાં તરત ઘુસી ગયા : આગમાં ફસાઈ ગયેલા તમામ લોકો માટે એક એક પળ જીવલેણ થઈ રહ્યા હતા ત્યારે રાજેશ દેવદુત બની પહોંચ્યા**

નવી દિલ્હી,તા.૮

પાટનગર દિલ્હીના અનાજ મંડી વિસ્તારમાં આજે વહેલી પરોઢે આગમાં ૪૪ લોકોના મોત થઈ ગયા હતા. આગ અંગેની માહિતી મળ્યા બાદ ફાયરબ્રિગેડનો કાફલો ઘટના સ્થળ પર પહોંચ્યો હતો. ૩૦થી વધુ ગાડીઓ ઘટનાસ્થળે પહોંચી હતી. ભીષણ અગ્નિકાંડ વચ્ચે



ફાયરબ્રિગેડે તેની જોરદાર કામગીરી હાથ ધરી હતી. ધુમાડા અને આગની ઘટનામાં ફસાયેલા લોકો માટે એક એક પળ જીવલેણ સાબિત થઈ રહ્યા હતા. ત્યારે ફાયરબ્રિગેડના એક જવાનો પોતાની જાનની બાજી લગાવીને ૧૧ લોકોને બચાવી લીધા હતા. રિયલ હિરો બની ચુકેલા રાજેશ

● અનુસંધાન પાના - ૭ પર

## ફેક્ટરીના માલિકની અટકાયત

નવી દિલ્હી, તા. ૮

દિલ્હીમાં અનાજ મંડી વિસ્તારમાં લાગેલી આગની ઘટનામાં ૪૪ લોકોના મોત થયા બાદ મોડી સાંજે ફેક્ટરીના માલિક રેહાનની પોલીસે ધરપકડ કરી લીધી હતી. સવારના અગ્નિકાંડની ઘટના બન્યા બાદ ફેક્ટરી માલિક ફરાર થઈ ગયા હતા. જોકે મોડી સાંજે તેમની ધરપકડ કરી લેવામાં આવી હતી. પ્રાથમિક તપાસમાં જાણવા મળ્યું છે કે, જે ફેક્ટરીમાં આગ લાગી હતી તે ફેક્ટરી ગેરકાયદે રીતે ચાલી રહી હતી. ફેક્ટરીના માલિક રેહાન ઉપર આઈપીસીની કલમ ૩૦૪ અને ૨૮૫ (લાપરવાહી) હેઠળ કેસ દાખલ કરવામાં આવ્યો છે. કલમ ૩૦૪નો ઉપયોગ બિન ઈરાદા સાથે હત્યા માટે કરવામાં આવે છે. આવા મામલામાં દોષિત જાહેર થવાની સ્થિતિમાં દસ વર્ષ જેલની સજા અથવા તો આજીવન કારાવાસની સજા કરવામાં આવે છે. જુની દિલ્હીના ફિલ્મિસ્થાન વિસ્તારમાં ગેરકાયદે રીતે ઘરમાં ફેક્ટરીઓ ચાલી રહી છે. બીજીબાજુ કેટલીક ઈમારત માપ દંડ કરતા ઉચી બનાવવામાં આવી છે.

## ન્યુઝ ટ્રેક

**કર્ણાટકમાં મહિલાઓને પોલીસ ઘરે મુકી જશે**

દેશમાં મહિલાઓ વિરૂદ્ધ વધી રહેલા ગુન્હાઓને ધ્યાને રાખી કર્ણાટક પોલીસે એક અનોખી પહેલ શરૂ કરી છે. પોલીસ હવે મહિલાઓને રાત્રીના સમયે ઘર સુધી મુકી જશે. રાત્રે ૧૦થી સવારે ૬ વાગ્યા સુધી રાત્રે જો કોઈ મહિલા એકલી હશે તો તેને પોલીસ ઘરે મુકવા જશે.

**મદુરાઈમાં ડુંગળી ૨૦૦રૂ.**

કેન્દ્ર સરકાર દ્વારા અનેક પ્રયત્નો બાદ પણ ડુંગળીની કિંમતો કાબુમાં આવી રહી નથી. દિન પ્રતિદિન ડુંગળીના ભાવો વધી રહ્યા છે. મદુરાઈમાં ડુંગળીનો ભાવ ૨૦૦ રૂ. કિલોએ પહોંચી ગયા છે. લોકો ડુંગળીની ખરીદી ટાળી રહ્યા છે.

**સોનિયા ગાંધી પોતાનો જન્મ દિવસ નહી ઉજવે**

કોંગ્રેસના કાર્યકારી અધ્યક્ષા સોનિયા ગાંધી આ વર્ષે પોતાનો જન્મ દિવસ નહી ઉજવે. દેશના વિભિન્ન ભાગોમાં મહિલાઓ સાથેના દુષ્કર્મના કિસ્સાઓ વધતા તેઓ દુ:ખી છે અને તેઓ આ વર્ષે પોતાનો જન્મદિન નહી ઉજવે.

## મંદી માટે વડાપ્રધાન કાર્યાલય જવાબદાર : રઘુરામ રાજન

**પીએમઓ પાસે તમામ શક્તિઓનું કેન્દ્રીકરણ સારી બાબત નથી**

ન્યુ દિલ્હી,તા.૮

દેશનું અર્થતંત્ર ધીમું પડતા ભારતીય રિઝર્વ બેંકના પૂર્વ ગર્વનર રઘુરામ રાજને ફરી એક વખત કેન્દ્ર સરકાર પર નિશાન સાધ્યું છે. રાજને જણાવ્યું કે દેશ મંદીના તબક્કામાંથી પસાર થઈ રહ્યો છે અને અર્થતંત્રમાં નોંધપાત્ર સુસ્તીના સંકેતો મળી રહ્યા છે. તેમણે જણાવ્યું કે આનું મૂળ કારણ અર્થતંત્રનું સંચાલન વડાપ્રધાન કાર્યાલયથી થતું હોવાનું અને મંત્રીઓ પાસે કોઈ જ સત્તા નહીં હોવાનું છે.

રાજને એક લેખમાં અર્થવ્યવસ્થાને મુશ્કેલીમાંથી ઉગારવા માટે ઉપાયોની ચર્ચા દરમિયાન જણાવ્યું કે, ભંડોળ એકત્ર કરવાના નિયમો ઉદાર બનાવવા જોઈએ, જમીન અને રોજગાર માર્કેટમાં સુધારો થવો



જોઈએ તેમજ રોકાણ અને વિકાસને પ્રોત્સાહન આપવું જોઈએ. રાજને સરકારને પ્રતિસ્પર્ધાને પ્રોત્સાહિત કરવા તેમજ સ્થાનિક ક્ષમતાનો વ્યાપ વધારવા માટે વિવેકપૂર્ણ રીતે મુક્ત વ્યાપાત સમજૂતિમાં સામેલ થવાનો આગ્રહ પણ કર્યો હતો.

રઘુરામ રાજને સરકાર પર નિશાન સાધતા જણાવ્યું કે, 'ક્યાં ભૂલ થઈ છે તે સમજવા માટે આપણે વર્તમાન સરકારની કેન્દ્રીકૃત પ્રકૃતિ સમજવી જરૂરી છે. પીએમઓમાંથી ફક્ત અમલીકરણ જ નહીં પરંતુ વિચાર અને યોજનાનો નિર્ણય પણ થઈ કરવામાં આવે છે અને પીએમોના નજીકના કેટલાક લોકો જ આ બધું કરી રહ્યા છે.' રાજને વધુમાં જણાવ્યું કે, પક્ષના રાજકીય તથા સામાજિક એજન્ડા માટે આ યોગ્ય છે પરંતુ આર્થિક સુધારની દૃષ્ટિએ આમ ના થવું જોઈએ. જ્યાં લોકોને એ પણ ખ્યાન નથી કે રાજ્ય સ્તરથી અલગ કેન્દ્રીય સ્તરે અર્થવ્યવસ્થા કેવી રીતે કામ કરે છે.

## નીરવ મોદીની સંપત્તિ વેચી દેવાય તેવા સ્પષ્ટ સંકેતો

**નીરવ મોદીને ભાગેડુ જાહેર કરાયા બાદ કાર્યવાહી : નીરવ મોદીની ૨૪૦૦ કરોડ રૂપિયાની સંપત્તિ જપ્ત કરીને તેની હરાજી કરવા માટેની કોર્ટમાં અરજી**

નવી દિલ્હી, તા. ૮

પંજાબ નેશનલ બેંકને ૧૩ હજાર કરોડ રૂપિયાનો ચુનો લગાવનાર હિરા કારોબારી નીરવ મોદીને ખાસ અદાલત દ્વારા અપરાધી જાહેર કરવામાં આવ્યા બાદ તેની સંપતિની હરાજી કરવામાં આવી શકે છે. કાલાઘોડા અને વર્લીમાં તેની બે મોટી સંપત્તિઓ આવેલી છે. નીરવને અપરાધી જાહેર કરનાર ખાસ અદાલતે ઈડીની એવી અરજી પર સુનાવણી કરવાની તૈયારી દર્શાવી છે. જેમાં નીરવ મોદીની ૨૪૦૦ કરોડ રૂપિયાની સંપત્તિને જપ્ત કરીને તેની હરાજી કરવા માટે અપીલ કરવામાં આવી છે. સંપત્તિ જપ્ત કરવામાં આવ્યા બાદ આ સંપત્તિઓ પર સરકારનો અધિકાર થઈ જશે. હરાજીથી મળનાર રકમનો ઉપયોગ બેંકોને થયેલા નુકસાનની ભરપાઈ માટે કરવામાં આવનાર છે.

● અનુસંધાન પાના - ૭ પર




## મહારાષ્ટ્રમાં નવી સરકારમાં ખાતાની ફાળવણી હજુ પણ અધ્ધરતાલ

મુંબઈ,તા.૮

મહારાષ્ટ્રમાં શિવસેના પ્રમુખ અને મુખ્ય પ્રધાન ઉદ્ધવ ઠાકરેએ હજી એમની કેબિનેટના પ્રધાનોને ખાતાની ફાળવણી કરી નથી. શિવસેનાનું કહેવું છે કે સરકાર કામે લાગી ગઈ છે અને પગલાં લઈ જ રહી છે. કેબિનેટ પોર્ટફોલિયોની વહેંચણી કરવાની કોઈ ઉતાવળ નથી.

શિવસેનાનાં રાજ્ય સભાના સદસ્ય સંજય રાઉતે કહ્યું કે, શિવસેના-રાષ્ટ્રવાદી કોંગ્રેસ પાર્ટી અને કોંગ્રેસ પાર્ટીના બનેલા ગઠબંધન મહાવિકાસ આઘાડીની સરકારમાં ખાતાની વહેંચણીનું કામ લગભગ પૂરું થઈ ગયું છે.

## ઉત્તર કોરિયાએ અમેરિકા સાથે પરમાણુ અપ્રસાર સંધિ રદ કરતા ખળભળાટ

**ઉત્તર કોરિયાનું દુશ્મનાવટભર્યું વલણ ચોંકવાનારું : ટ્રમ્પ : કિમ જોંગના નિવેદનની થોડી વાર બાદ જ સેટેલાઇટ લોન્ચ સાઇટ પરથી પરીક્ષણ કરાયું**

પ્યોંગયોંગ,તા.૮

ઉત્તર કોરિયાએ અમેરિકા સાથે પરમાણુ અપ્રસાર સંધિ પર ચર્ચા રદ કરી છે. તેનો આરોપ છે કે અમેરિકા તેના આંતરિક રાજકીય એજન્ડાને તૈયાર કરવામાં વ્યસ્ત છે અને ચર્ચા પણ એવા જ સમયે કરવાની તેમની ચાલ છે. રાજદૂત કિમ સોંગે કહ્યું કે, અમારે અમેરિકા સાથે લાંબી ચર્ચાની જરૂર નથી અને હવે કરારની તક પણ પુરી થઈ ગઈ છે. ઉત્તર કોરિયાની કેસીએનએ એજન્સીએ સોંગના નિવેદનની થોડી વાર બાદ જ સેટેલાઈટ લોન્ચ સાઈટ પરથી એક મહત્વનું પરિક્ષણ કર્યું હોવાની જાહેરાત કરી હતી. હજુ સુધી એ નક્કી થયું નથી કે આ ટેસ્ટ શેના માટે કે કયા પ્રકારે કરાયો છે. જો કે, ઉત્તર કોરિયાના કહ્યાં પ્રમાણે, આનાથી દેશની કૂટનીતિક સ્થિતી પણ બદલાશે.

રિપોર્ટ્સ પ્રમાણે, જે સ્થળે પરિક્ષણ કરવામાં આવ્યું, ત્યાં સોહાએ સેટેલાઈટ લોન્ચ સાઈટ છે. અહીંથી ઉત્તરકોરિયા ઘણી વખત મિસાઈલ એન્જિનનું ટેસ્ટિંગ અને રોકેટ લોન્ચ કરી ચુક્યું છે. દક્ષિણ કોરિયા તરફથી આ પરિક્ષણ પર અત્યાર સુધી કોઈ નિવેદન આવ્યું નથી. સામાન્ય રીતે દક્ષિણ કોરિયાની સિસ્ટમ ઉત્તર કોરિયાથી મિસાઈલ લોન્ચ કર્યા બાદ એલર્ટ આપે છે.

ઉત્તર કોરિયાની ડીલ રદ કરવાના નિર્ણય બાદ અમેરિકન રાષ્ટ્રપતિ ડોનાલ્ડ ટ્રમ્પે કહ્યું કે, જો કિમ જોંગ-ઉન પ્રશાસન કોઈ પ્રકારની દુશ્માવટ જેવું વર્તન કરશે, તો તેમને આશ્ચર્ય થશે.

## લાહોરમાં વિસ્ફોટ

લાહોર,તા.૮

પાકિસ્તાનના લાહોરમાં શનિવારે મોડી રાત્રે થયેલા વિસ્ફોટમાં એક વ્યક્તિનું મોત થયું છે. પ્રાપ્ત માહિતી મુજબ, આ દુર્ઘટનામાં અન્ય પાંચ લોકો ઈજાગ્રસ્ત થયા છે. મીડિયા રિપોર્ટ્સ મુજબ, વિસ્ફોટ લાહોરના ટાઉનશિપ માર્કેટ વિસ્તારમાં થયો હતો. રેફ્રિજેટરમાં ગેસ ભરતા સમયે વિસ્ફોટ થયો હતો. મૃતકની ઓળખ ૨૨ વર્ષીય હાફિઝ મહમૂદ તરીકે થઈ છે.

Intraday Free Brokerage
In CASH-F&O-OPTION
with 50 Times Limit.
Free D'Mat with
"0" Balance Bank A/C
Call-99747 03401

ROOPKALA
The silver shop
માત્ર ચાંદીનો શો-રૂમ
199, District Shopping Center, Nr. Bank of Baroda,
Sector - 21, Gandhinagar, Ph.232 48225